ક્રમાંક : જીસીઈઆરટી/Science/ 18756-86
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 15-7-૨૦25

25 JUL 2025

પ્રતિ,
પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

**વિષયઃ** ECO-Club activities સંદર્ભે રાજયકક્ષાના વર્કશોપના આયોજન બાબત
**સંદર્ભઃ** ૧. નોંધ પર માન. નિયામકશ્રીની મંજુરી અન્વયે
૨. ડાયટ મહેસાણાના પત્ર અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ECO-Club activities સંદર્ભે રાજયકક્ષાએ તા. ૦૫-૦૬ ઓગષ્ટ, ૨૦૨૫ દરમ્યાન મહેસાણા જિલ્લામાં નીચેની વિગતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. આપની કક્ષાએથી ડાયટમાંથી કાર્યાનુભવ શાખામાં કાર્યરત **એક વ્યાખ્યાતાને** હાજર રહેવા જાણ કરશો. તમામ ડાયટ દ્વારા તૈયાર કરવામાં આવેલ અહેવાલની વર્ડ અને પીડીએફ કોપી(જીસીઇઆરટી તરફથી આપવામાં આવેલ નિયત નમુનામાં) મહેસાણા ડાયટને ઇ મેઇલ કરવી. મોકલ્યા બાદ શ્રી અઢિયોલભાઇ સાથે વાત કરી લેવી. ડાયટ વ્યાખ્યાતાએ આ અહેવાલની કલર કોપી સાથે લાવવાની રહેશે. ડાયટ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિસ્તૃત અહેવાલ વર્કશોપ દરમ્યાન રજુ કરવાનો રહેશે. માન. નિયામકશ્રીની સુચના અન્વયે આ વર્કશોપમાં આપના જિલ્લામાં **એક પેડ મા કે નામ પ્રોજેકટ** અન્વયે થયેલ કામગીરીનો અહેવાલ(મહત્તમ ૨ પેજમાં) સાથે લાવવાનો રહેશે. આ કામગીરી જિલ્લામાં ડીપીઇઓ કચેરી દ્વારા કરવામાં આવેલ હોય તેમનો સંપર્ક કરી માહિતી મેળવવાની રહેશે.

**તારીખઃ ૦૫-૦૮-૨૦૨૫ થી ૦૬-૦૮-૨૦૨૫ (દિવસ - ૨)**
**સ્થળઃ શ્રી જલારામ અતિથી ભવન, પાલાવાસણા, મહેસાણા, જી. મહેસાણા.**
**સંપર્ક નંબર - શ્રી વિનોદભાઇ અઢિયોલ, ડાયટ- મહેસાણા (૯૪૨૯૦૬૦૮૯૩)**

**નોંધઃ ભાગ લેનાર પાર્ટીસીપન્ટસ તા. ૦૪/૦૮/૨૦૨૫ના રોજ સાંજના સ્થળ પર પહોંચવાના હોય તો શ્રી વિનોદભાઇ અઢિયોલને અગાઉથી જાણ કરવી જેથી સુચારૂ વ્યવસ્થા થઇ શકે.** -
બિડાણઃ કાર્યક્રમ માર્ગદર્શિકા

આપનો વિશ્વાસુ

રીડર,
જીસીઇઆરટી, ગાંધીનગર.

## કાર્યક્રમ માર્ગદર્શિકા

- આ વર્કશોપમાં અંદાજીત ૩૦ થી ૩૫ પાર્ટીસીપન્ટસ હાજર રહેશે.
- વર્કશોપના આયોજન માટે ઇડીએન -૧૨, એપેન્ડીક્ષ -૧ અન્વયે રહેલ ગ્રાંટમાંથી ટીએ, ડીએ, તજજ્ઞ માનદ વેતન, ચા-નાસ્તો, ભોજન, સ્ટેશનરી મુલાકાત સંદર્ભે વાહનવ્યવસ્થા, સ્ટેટ લેવલ રીપોર્ટ તથા અન્ય આનુષંગિક ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે.
- આ વર્કશોપ દરમ્યાન જિલ્લામાં એકસપોઝર વીઝીટ પણ કરાવવાની થાય છે. જે માટે એસ ટી વિભાગ પાસે વાહન મેળવવા અંગે નિયામાનુસાર કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેશે. જેનું સરકારી નિયમોનુસાર ભાડુ ચુકવવાનું રહેશે.
- રીપોર્ટ ગુજરાતી અને અંગેજીમાં તૈયાર કરવાનો હોવાથી અંગ્રેજી વિષયના ૨ શિક્ષકોને હાજર રહેવા જાણ કરશો.
- મુલાકાત માટે ECO-Club સંદર્ભે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળાઓ અને અન્ય સંસ્થાની પસંદગી આપની કક્ષાએ કરી જરૂરી આયોજન કરવુ. વિષયને અનુરૂપ તજજ્ઞની પસંદગી કરવાની રહેશે.
- તમામ જિલ્લાની માહિતી (Photographs and vedio documentry) કંમ્પાઇલેશન માટે આપની કક્ષાએથી તાલીમ સ્થળ પર કમ્પયુટરની વ્યવસ્થા અને કમ્પયુટર અંગેની જાણકારી ધરાવતા શિક્ષકનો આદેશ કરવા વિનંતી. તથા ડાયટમાંથી ઇટી શાખાના અધ્યાપક દ્વારા આ કામગીરીનું સંકલન કરવાનું રહેશે.
- તમામ ડાયટમાંથી આવનાર વ્યાખ્યાતાઓ દ્વારા ડાયટમાં અને જિલ્લામાં શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીનું વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવનાર હોય પ્રેઝન્ટેશન માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.
- તમામ ડાયટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડોકયુમેન્ટસ તમામ જિલ્લાઓમાંથી આવેલ પાર્ટીસીપન્ટસ જોઇ શકે તે રીતે પ્રદશિત કરવામાં આવશે તે માટે વ્યવસ્થા કરવી.

<u>પ્રથમ પેજ</u>

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ................................ (રેડ)

૧. ડાયટ અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરી (રેડ) ( બુલેટમાં)

( કાર્યક્રમોની વિગતમાં તારીખનો સમાવેશ કરવો) (લાઇટ બ્લુ કલર )

૧. (ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી)

૨. (ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી)

૩. (ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી)

૪. (શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરી)

૫. (શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરી)

ઉપરોકત તમામ મુખ્ય કામગીરીની વિગત એક પેજમાં આવે તે રીતે ટુંકમાં કામગીરી દર્શાવવી. ડાયટ અને શાળાની કામગીરીની વિગત ૩ થી ૪ લાઇનમાં જણાવવી.

**(પ્રથમ પેજનો પાછળનો ભાગ )**

## ૨. ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓની વિગત

| ક્રમ | શાળાનું નામ-તાલુકાનું નામ - આચાર્યશ્રીનું નામ અને નંબર | પ્રવૃતિની વિગત |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |

(વિગતો લાઇટ બ્લુ કલરમાં )

અને

<u>બીજુ પેજ</u>

## ૩. ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ

( ડાયટના ૨ તથા શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ૪ ફોટોગ્રાફસ – કુલ ૬ ફોટોગ્રાફસ)

**District Institute of Education and Training(DIET), Anand**
**Prgrammes and Activities of year 2023-24**
**Related to Eco Club Project**

- **ડાયેટ કક્ષાએ ઇકો ક્લબ પ્રવૃત્તિ:** જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર દ્વારા ડાયટ કક્ષાએ ઇકો ક્લબ પ્રવૃત્તિને વેગ મળે તે હેતુસર ઈ.ડી.એન.12 એપેન્ડીક્ષ-8 ક્લાસ-5 હેઠળ રૂ.25000/- ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અંતર્ગત ડાયટ કેમ્પસમાં સ્ટાફ ક્વાટર્સની આગળ અને પાછળનાં ભાગને ડેવલપ કરેલ છે. સિંચાઇ માટે ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ નાંખવામાં આવેલ છે, તેને આગળ ધપાવતા આ વર્ષે નવા વિવિધ પ્રકારનાં ફળાઉ ઝાડ જેમકે ચીકૂ, કેસર અને બારમાસી, આંબા, તમાલપત્ર, મોસંબી, લીંબુ, જામફળ, સીતાફળ કલમી, કમરખ, આમળાં, ખટુંમળા વગેરે રોપવામાં આવ્યા હતા. સાથે સાથે આ વિસ્તારમાં થયેલ નિંદામણની સફાઇ કરવામાં આવી. આ રોપાઓને રક્ષણ મળી રહે તે માટે લોખંડનાં 21 ટ્રી ગાર્ડસ પણ ખરીદવામાં આવ્યા. જે પણ રોપાઓ ફરતે લગાવવામાં આવ્યા, ડ્રીપ સિસ્ટમનું મેઇન્ટેનન્સ કરવામાં આવ્યું અને ફરીથી તમામ રોપાઓને પાણી મળી રહે તેવી રીતે ડ્રીપ સિસ્ટમની વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- **વૃક્ષારોપણ કાર્યક્રમ:** NGO વિદ્યાનગર નેચર ક્લબના સહયોગથી તા. 24/07/23નાં રોજ ડાયટ કેમ્પસમાં ડાયટ તમામ સ્ટાફ, બી.એડ.ના તાલીમાર્થીઓ અને બી.આર.સી.દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- **રખરખાવની કામગીરી :** સદર કચેરીમાં આખા વર્ષ દરમ્યાન કેમ્પસમાં આવેલ 100 જેટલા કુંડાઓમાં રોપેલ સુશોભન પ્લાન્ટ્સ અને બે સુંદર ગાર્ડનના ક્યારામાં ખાતર ,પાણી, અને નિંદામણ કરી રખરખાવની કામગીરી કરવામાં આવી. ઓર્નામેન્ટલ પ્લાન્ટ્સનાં કેટલાક છોડમાંથી બીજા નવા છોડનાં મલ્ટીપ્લીકેશન પણ કરવામાં આવ્યા.ડાયટ કેમ્પસમાં આવેલ નાના તથા મોટા છોડનું પ્રુનીંગ અને જંગલી ઘાસનાં નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી.
- **ચકલીના માળા અને પક્ષી પરબની પ્રવૃત્તિ :**ડાયટ સ્ટાફ અને બી.એડ.નાં તાલીમાર્થીઓનાં સહકારથી ચકલીના માળા અને પક્ષી પરબની પ્રવૃત્તિ કરવામાં આવી.
- **જળ સવર્ધન તાલીમ :**તા.17/07/2023 થી તા.18/07/2023 દરમિયાન વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, આણંદ ખાતે જળ સવર્ધન તાલીમ કરવામાં આવી. સદર તાલીમમાં ઉમરેઠ અને સોજીત્રા તાલુકાની પર્યાવરણ પ્રયોગશાળાનાં કુલ 56 મુખ્ય શિક્ષકો અને ૩ તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પાણીના ઉપયોગો, પાણીની પરિસ્થિતિ, ઘરગથ્થુ વપરાશમાં પાણીનો ઉપયોગ અને તેમાં થતો દુર્વ્યય અને તેનો અટકાવ ,ખેતીમાં પાણીનો અસરકારક ઉપયોગ, " **World water crisis - some facts** " વિષય અંતર્ગત જળ એ જ જીવન, વિશ્વમાં જળની પરિસ્થિતિ, , જળ સંકટ, ગ્લોબલ વોટર ફૂટપ્રિન્ટ, ગુજરાતનાં વોટર રીસોર્સીસ વગેરેની સમજ આપવામાં આવી.તાલીમના બીજા દિવસે કૃષિ યુનિવર્સીટી, Indian Green Building Council (IGBC) એવોર્ડ વિજેતા એવી બે પ્રાથમિક શાળાઓ અને ICAR -IISWC(INDIAN INSTITUTE OF SOIL & WATER CONSERVATION) VASADની મુલાકાત લેવામાં આવી.
- **ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળા તાલીમ:**તા. 21/08/2023 થી તા. 22/08/2023 અને તા.23/08/2023થી તા. 24/08/2023 દરમિયાન કૃષિ યુનિવર્સીટી, ખેતીવાડી, આણંદ મુકામે ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની કાર્યશિબિર કરવામાં આવી. સદર તાલીમમાં આણંદ, તારાપુર, બોરસદ, આંકલાવ અને ખંભાત તાલુકાની પર્યાવરણ પ્રયોગશાળાના કુલ 105 તાલીમાર્થી શિક્ષકો અને 6 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રાકૃતિક ખેતી, મિલેટસ, મીયાવાકી જંગલ, મિલેટસ ક્રોપ મ્યુઝીયમ, વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, જુદાં જુદાં પ્રકારનાં કમ્પોસ્ટ ખાડાની સાઇટની મુલાકાત કરવામાં આવી. પ્રાકૃતિક ખેતી કરતા ચિખોદરાનાં ખેડૂતશ્રી સુષ્મિતભાઇ પટેલનાં ફાર્મની

મુલાકાત કરવામાં આવી. જ્યાં જીવામૃત બનાવવાનું લાઇવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું. હળદરની પ્રાકૃતિક ખેતી કરતા બોરીઆવીનાં પ્રોગ્રેસીવ ખેડૂતશ્રી દેવેશભાઇ પટેલની મુલાકાત કરવામાં આવી. જ્યાં હળદરનું વેલ્યુએડીશન, મસ્ચાંની ખેતી અને એક્ષ્પોર્ટ વગેરેની સમજ આપવામાં આવી.

- **ઇકો કલબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ:** તા.26/02/24 થી તા.28/02/24 દરમિયાન ડાયેટ, આણંદ મુકામે ઇ.ડી. એન. 12 ગ્રાન્ટ પ્રોગ્રામ અંતર્ગત ઇકો કલબ ડોક્યુમેન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ તાલુકામાંથી 42 તાલીમાર્થીઓ અને 3 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. સદર વર્કશોપમાં વર્ષ દરમિયાન જિલ્લાની શાળાઓમાં પર્યાવરણ અને ઇકો કલબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટ બનાવવામાં આવ્યું હતું.

  - **જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળાઓ:**

| ક્રમ | તાલુકાનું નામ | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1 | આંકલાવ | ફતેપુરા | ઔષધ બાગ-નેમ પ્લેટ સાથે, કાર્પેટ લોનવાળો બગીચો, શિક્ષક દ્વારા જાતે બનાવેલ ફૂવારો, શાળાની મીની નર્સરી દ્વારા વિવિધ છોડ તૈયાર કરવા અને બીજી શાળાઓ અને ગામમાં વિતરણ કરવું, કિચન ગાર્ડન દ્વારા શાકભાજી ઉછેર અને મધ્યાહન ભોજનમાં તેનો ઉપયોગ, રેલી, આકર્ષક ચબૂતરો, અક્ષયપાત્ર, પક્ષી ઘર, તુલસીવન, 200 જેટલા ફૂલછોડ, 50 આસોપાલવ, 90થી વધારે કૂંડામાં છોડનું વાવેતર, ફ્લાવર શો, વન મહોત્સવની ઉજવણી |
| 2 | આણંદ | રામનગર | શાળા બાગ, ફૂવારાનું નિર્માણ, ઔષધ બાગની રચના,કિચન ગાર્ડન કે જેમાં રીંગણ, મૂળા, ફ્લાવર કોબીઝ, બ્રોકોલી વગેરેનો ઉછેર, ગ્રીન હાઉસ, નવા રોપાનું વાવેતર, IGB એવોર્ડ વિજેતા શાળા, વન ભોજન, વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી, નર્સરીની મુલાકાત, પર્યાવરણને લગતી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, પંખી ઘરની રચના, નવીનીકરણ, પર્યાવરણ વિષય પર સંવાદ, પર્યાવરણ સંદર્ભે શિક્ષક અને વિધાર્થી દ્વારા કથન |
| 3 | આણંદ | ગોપાલપુરા | ભૂગર્ભ જળ રિચાર્જ કુવો-જળસંચય, નાળિયેરના છોતરામાંથી કોકોપીટ બનાવવું, પ્લાસ્ટિક મુક્ત શાળા અને ગામમાંથી પ્લાસ્ટિક કલેક્શન પ્રોજેક્ટ, કિચન ગાર્ડન અને શાળા બાગ, ઔષધીય બાગ, ચબૂતરો અને અક્ષય પાત્ર,પક્ષી પરબ, વન ભોજન, નાડેપ પ્રકારનો કમ્પોસ્ટ પીટ, ઇકો ફ્રેન્ડલી ગણપતિ નિર્માણ, પર્યાવરણીય દિન વિશેષ ઉજવણી, વૃક્ષારોપણ, શાળા નર્સરી, વકતૃત્વ, ચિત્ર સ્પર્ધા, IGB એવોર્ડ વિજેતા શાળા, |
| 4 | આંકલાવ | ભેટાસી વાંટા | લોનવાળો બગીચો, ઔષધ બાગની રચના, કિચન ગાર્ડન, ટાયરના ઉપયોગથી બગીચાની સજાવટ જેમાં બાગનો સેન્ટર પોઇન્ટ હાઇલાઇટ કરવો, ટાયરથી કાચબા સ્વરૂપે પોટ બનાવેલ છે. વોટર બોટલથી બતકના આકારનાં આકર્ષક ફૂલ ક્યારાનું નિર્માણ |
| 5 | આંકલાવ | કરણેટપુરા | લોનવાળો બગીચો, ઔષધ બાગની રચના, કિચન ગાર્ડન, ટાયરના ઉપયોગથી બગીચાની સજાવટ જેમાં બાગનો સેન્ટર પોઇન્ટ હાઇલાઇટ કરવો, ટાયરથી કાચબા સ્વરૂપે પોટ બનાવેલ છે. વોટર બોટલથી બતકના આકારન આકર્ષક ફૂલ ક્યારાનું નિર્માણ |

## ડાયેટ કક્ષા અને જિલ્લાની શાળાઓમાં કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફ્સ






જળ સંવર્ધન તાલીમ અને એક્ષ્પોઝર વિઝિટ




ઇકો ક્લબ તાલીમ અને એક્ષ્પોઝર વિઝિટ




નેશનલ કક્ષાએ IGBC એવોર્ડ ,પ્રા.શાળા, ગોપાલપુરા



ફતેપુરા પ્રાથમિક શાળાનો સુંદર બાગ



કરણેટપુરા પ્રાથમિક શાળાનો સુંદર બાગ



રામનગર પ્રાથમિક શાળાનો કિચન ગાર્ડન